doctor special.qxd 6/29/06 10:29 PM Page 1

Life force
HOMOEOPATHY
Dr. Rajesh Shah Dr. Rupal Shah

World's first
ISO 9001:2000 Certified
Homoeopathic Clinic
with a Research wing

An ISO 9001: 2000
Certified Clinic



# રિસર્ચ દ્વારા હોમિયોપથીને મોડર્ન ટચ

## મુશ્કેલ રોગો ધરાવતા અનેક દરદીઓને નવજીવન આપતા ડો. રાજેશ શાહ

ટારગેટ ફોટોથેરપીનું હોમિયોપથી : ચિકિત્સાપદ્ધતિ સાથે સંયોજન કરીને ડો. રાજેશ શાહે ક્લાસિક હોમિયોપથીને મોડર્ન ટચ આપ્યો છે.

સોરિઆસિસ નામની ચામડીથી ભયંકર બીમારીથી કંટાળીને એક દર્દી આત્મહત્યા કરવાના માર્ગે હતો. શરીરમાંથી દુર્ગંધ આવતી હતી અને પેટ તથા છાતીના ભાગમાંથી રીતસર જંતુઓ ખરતા હતા. દર્દીના પરિવારજનોએ પણ છેલ્લે હાથ ઊંચા કરી દીધા હતા. દર્દી પાસે આત્મહત્યા કર્યા સિવાય બીજો કોઇ માર્ગ બચ્યો ન હતો. તેના સ્વજનો તો તેની આજુબાજુ પણ ફરકતા ન હતા. હોમિયોપથિક ડોક્ટર રાજેશ શાહે બીડું ઝડપ્યું અને દર્દીની હોમિયોપથિક સારવાર શરૂ કરી. બે મહિનામાં જ પરિણામ સામે દેખાયું. આજે પેલા દર્દીને નવજીવન મળ્યું છે અને તેની ચામડીની બીમારીનું નામોનિશાન મટી ગયું છે.

આજના ઝડપી યુગમાં લોકો જ્યારે કુદરતી ઉપચારપદ્ધતિ તરફ વળી રહ્યા છે ત્યારે હોમિયોપથી માટે સોનાનો સૂરજ ઊગ્યો છે. ગંભીરમાં ગંભીર રોગમાં પણ દર્દીની મિત્ર ગણાતી ચિકિત્સાપદ્ધતિ હોમિયોપથનો વિશ્વભરમાં ડંકો વગાડવા માટે હામ ભીડી ચૂકેલા મુંબઇના ઘાટકોપરમાં લાઇફ ફોર્સ નામનું હોમિયોપથી મેડિકલ સેન્ટર ચલાવતા ડો. રાજેશ શાહનું જણાવવું છે કે ભલે આ ચિકિત્સાપદ્ધતિનો ઉદય જર્મનીમાં થયો પણ આજે આપણા દેશ માટે ગૌરવની વાત એ છે કે હોમિયોપથીમાં વધુ સંશોધન માટે જર્મનીથી તબીબો ભારત આવે છે.


ડો. રાજેશ શાહ તેમના કન્સલ્ટિંગ રૂમમાં. તસવીરો : સુનીલ ખંદારે

તાજેતરમાં જ ડો. શાહે ચામડીના કોઇ પણ જાતના રોગમાં કારગત નીવડતી ટાર્ગેટેડ ફોટોથેરપીનું હોમિયોપથી સાથે સંયોજન કરીને ભારતમાં પ્રથમ વખત એક નવતર પ્રયોગ હાથ ધર્યો છે. આ પદ્ધતિને ચલણમાં મૂકતાં પહેલા છ મહિના સુધી સાયન હોસ્પિટલમાં ૫૦ દર્દી પર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ૯૦ ટકા સફળતા પ્રાપ્ત થઇ હતી. ડો. શાહનો હેતુ આડઅસર નહીં ધરાવતી કુદરતપ્રેમી ચિકિત્સાપદ્ધતિને ફરી એક વખત વિશ્વભરમાં ઘરે-ઘરે પહોંચાડવાનો છે. આ માટે તેઓ તન-મન અને ધનથી કંઇ પણ કરી છૂટવા તૈયાર છે.

હોમિયોપથી ઇન્ડિયા ફાઉન્ડેશન સાથે જોડાયેલા ડો. શાહના નામે એક અનોખો રેકોર્ડ પણ છે. ડો. શાહને વિશ્વના ૧૨૦થી વધારે દેશના દર્દીઓને ઓનલાઇન તપાસવા બદલ લિમ્કા બુક્સ ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. જૂનું તે સોનુંના સિદ્ધાંતમાં માનતા ડો. શાહ કહે છે કે 'આજે જ્યારે અમુક જિદ્દી બીમારી સામે વિશ્વની આધુનિક ચિકિત્સાપદ્ધતિ ઘૂંટણ ટેકવી દે છે ત્યારે હોમિયોપથી પાસે તેનો ઇલાજ છે. ડો. શાહના ક્લિનિક લાઇફ ફોર્સને આઇએસઓ ૯૦૦૧-૨૦૦૦નું સર્ટિફિકેટ પ્રાપ્ત થયું છે. ભારતનું આ પ્રથમ એવું હોમિયોપથી ક્લિનિક છે, જેમાં રિસર્ચ વિંગ સાથે સંકળાયેલી છે. ડો. શાહ એલર્જી બ્રોન્કાઇટિસ અસ્થમા, સર્વિકલ સ્પોન્ડિલાઇટિસ, ગેસ્ટ્રિક્સ, હેપેટાઇટિસ એ-બી-સી, રિહેમોટોઇડ આર્થરાઇટિસ, વાઇરલ ઇન્ફેક્શન, હેર ફોલ,માઇગ્રેન, સોરાયસિસ વગેરે જાતની બીમારીનો ઇલાજ લાઇફ ફોર્સ ક્લિનિમાં કરે છે. હાલ ડો. શાહ ક્રોનિક ડિસિસ કે જેનો ઇલાજ જલદી શક્ય હોતો નથી તેના રિસર્ચમાં ઓતપ્રોત છે. અગાઉ તેઓ વિશ્વમાં હોમિયોપથી બાબતે થયેલાં અનેક સંશોધનમાં ભાગ લઇ ચૂક્યા છે. ઉપરાંત ડો. શાહના ઓસ્ટ્રેલિયાના એચ. એસ. સી. કક્ષાના અભ્યાસક્રમમાં હોમિયોપથી વિશેના એક ચેપ્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ઇંગ્લેંડ, યુએસએ, હોલેન્ડ, બેલ્જિયમ, આયર્લેન્ડ,નોર્વે, સ્વિડન, ક્રોએશિયા, જાપાન વગેરે દેશમાં વર્ક શોપ યોજી ચૂક્યા છે. ડો. શાહનું લક્ષ્ય વિવિધ પ્રકારની જૂની મુશ્કેલ અને વારંવાર થતી બીમારીઓની સારવાર અંગે સંશોધન કરવાનું છે.

**ટાર્ગેટેડ ફોટોથેપરપી શું છે?**

ટાર્ગેટેડ ફોટોથેરપીના હોમિયોપથી સાથેના સંયોજન માટે ભારતમાં પ્રથમ વખત ડો. રાજેશ શાહે અમેરિકાથી એક મશીન આયાત કર્યું છે, જે ટોટલી કોમ્પ્યુટરાઇઝ્ડ છે. મશીન પોતાની જાતે યુવીએ, યુવીબી અને કંટ્રોલ બ્લ્યુ લાઇટ દ્વારા દર્દીના શરીરના ચોક્કસ ભાગ પર સારવાર આપે છે. અગાઉ ચામડીના રોગ માટે પુવા ચેમ્બરમાં દર્દીને ફોટોથેરપી અપાતી હતી. જેને કારણે શરીરના રોગગ્રસ્ત ભાગ સિવાય બીજા ભાગના કોષ પર પણ ફોટોથેરપીની અસર ફેલાતી હતી પરંતુ ટાર્ગેટેડ ફોટોથેરપી મશીનના સંશોધન બાદ હવે ફક્ત રોગગ્રસ્ત ભાગ પર જ તેની અસર કેન્દ્રિત થાય છે. વળી ડો. શાહે આ ફોટોથેરપી સાથે હોમિયોપથી ચિકિત્સાનું સંયોજન કર્યું હોવાથી શરીરના રોગગ્રસ્ત ભાગને બહારથી તેમ જ અંદરથી પણ સારવાર મળતાં તે મૂળથી જ નાબૂદ થાય છે.

### મોસમી બીમારીઓ અને હોમિયોપથી

ચોમાસામાં શ્વાસને લગતી બીમારીઓ, શરદી, ફેફસાંની વ્યાધિઓ વગેરે વધે છે. ભેજને લીધે સંધિવા વધે છે, ગંદા પાણીને કારણે મરડો ફેલાય છે. એ સિવાય હવા અને પાણીનાં પ્રદૂષણને લીધે મલેરિયા, લેપ્ટો., ડેંગ્યુ, વાઇરલ તાવ, ટાઇફોઇડ, કોલેરા, ચિકનગુણ્યા વગેરે વ્યાધિઓ થાય છે. આવી મોસમી બીમારીઓમાંથી શરદી, સાઇનસ, અસ્થમા, મરડો વગેરે કેટલીક બીમારીઓમાં હોમિયોપથી ઘણી અસરકારક છે. ક્રિટિકલ ગણાય એવી ડેંગ્યુ, લેપ્ટો., મલેરિયા, ટાઇફોઇડ જેવી બીમારીઓ માટે હોમિયોપથીમાં ઉપચાર છે પરંતુ તેના કરતાં એલોપથીમાં વધુ સારો ઉપચાર છે. સર્વસામાન્ય રીતે ક્રિટિકલ બીમારીઓ માટે એલોપથીને પ્રાધાન્ય આપી શકાય પરંતુ, ક્રોનિક વારંવાર થતી તીવ્ર બીમારીઓ માટે હોમિયોપથીમાં શ્રેષ્ઠ ઉપચારો છે.

# હોમિયોપથીને મેઇનસ્ટ્રીમ થેરાપી બનાવવાનો લાઇફ ફોર્સનો સંકલ્પ

**હોમિયોપથીને એક વૈકલ્પિક સારવાર પદ્ધતિ તરીકે ઓછા મહત્વની ગણવામાં આવે એ સ્થિતિ ડો. રાજેશ શાહ અને ડો. રૂપલ શાહને મંજૂર નથી. તેઓ લાઇફ ફોર્સ દ્વારા હોમિયોપથીને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠતાની ઊંચાઇ પર લઇ જવા સાથે તેને અદ્યતન ઓપ આપીને મુખ્ય પ્રવાહ-મેઇન સ્ટ્રીમની પ્રભાવશાળી અને લોકસમર્થન પ્રાપ્ત ઉપચાર પદ્ધતિ બનાવવાનું મિશન ધરાવે છે.**


ટાર્ગેટેડ ફોટોથેરપીનો ઉપચાર કરતા ડો. શાહ દંપતિ.

હીઇટ્સ હોમિયોપથી, ડ્રિંક્સ હોમિયોપથી, હી વોક્સ હોમિયોપથી, હી ટોક્સ હોમિયોપથી, હી સ્લિપ્સ હોમિયોપથી, હી ડ્રીમ્સ હોમિયોપથી.' આ શબ્દો ડો. રૂપલ શાહ તેમના પતિ ડો. રાજેશ શાહ માટે કહે છે. રૂપલબહેનના આ શબ્દો સાંભળ્યા પછી રાજેશભાઇ તેમના તરફ સહેજ જોઇને હળવું સ્મિત કરે છે. બંને એકબીજાને ખૂબ સારી રીતે સમજે છે. બંનેની કેમિસ્ટ્રી બરાબર જામે છે. આ સમજ, સંયોજન, સાયુજ્ય, સમન્વય અને કોમ્બિનેશન જ તો હોમિયોપથીનો આધાર છે. ૧૯૮૫ની સાલમાં બંનેનો મેળાપ થયો, સાથે કામ શરૂ કર્યું અને હોમિયોપથી માટેની લગનીને કારણે આપોઆપ જીવનની એક નૂતન ઊર્જા લાઇફ ફોર્સ આકાર પામતી ગઇ. સૌરાષ્ટ્રમાં ઉના દેલવાડા પાસેના સિમ્બર ગામની શાળામાં અભ્યાસ સાથે શરૂઆત કરનાર ડો. રાજેશ શાહની મહત્ત્વાકાંક્ષા-તમન્ના કંઇ બિલગેટ્સ કે અઝીમ પ્રેમજીની જેમ સમૃદ્ધિના ભંડાર સર્જવાની નથી. તેમનો પ્રેમ છે 'હોમિયોપથી'. તેમને હોમિયોપથીમાં અપાર ક્ષમતા, અપાર શક્યતાઓ દેખાય છે. સતત સંશોધન દ્વારા એ શક્યતાઓ વિકસાવીને હોમિયોપથી ઉપરથી વૈકલ્પિક સારવાર (ઓલ્ટરનેટિવ થેરાપી)નું લેબલ હટાવીને તેને 'મેઇન સ્ટ્રીમ' માં લાવવાનો સંકલ્પ ડો. રાજેશ શાહે કર્યો છે. ડો. રાજેશ શાહ કહે છે કે 'આજે ભલે મારા સંકલ્પ મુજબનું લક્ષ્ય દૂર લાગતું હોય. પણ આગામી એક કે બે દાયકામાં હું એ લક્ષ્ય સિદ્ધ કરીને જ રહીશ. મારે હોમિયોપથીને આંતરરાષ્ટ્રીય સ્તરની બનાવવી છે. તેને કોર્પોરેટ અને મોડર્ન ટચ આપવો છે. ઉચ્ચકક્ષાની સારવાર મધ્યમવર્ગના કે ગરીબ દર્દીને પોષાય એવી બનાવવી છે. કોઇપણ આર્થિક કે અન્ય પીઠબળ વિના 'લાઇફ ફોર્સ'ની શરૂઆત કરી. અઢી દાયકા પહેલાં માત્ર ઘાટકોપરમાં એક ભાડાની જગ્યામાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. ત્યારપછી ઘાટકોપરમાં બીજું એક સેન્ટર અને ત્રીજું સાયનમાં શરૂ કર્યું. એ વખતથી સતત પ્રગતિની દિશામાં આગળ વધ્યા અને ત્રણ વર્ષ પહેલાં ઘાટકોપરમાં શોપર્સ સ્ટોપ સાથેના કુશાલી શોપિંગ સેન્ટરના ચોથે માળે પાંચ હજાર ચોરસ ફૂટના આ એશિયાના સૌથી મોટા હોમિયોપથિક સેન્ટરનું ઉદ્‌ઘાટન રાજ્યપાલ મોહમ્મદ ફઝલના હસ્તે કરાયું. આજે આ સેન્ટર દ્વારા વિશ્વના ૧૨૧ દેશોના દર્દીઓની દવા કરાય છે અને એ પણ સામાન્ય દરે થાય છે. ડો. રાજેશ શાહ અને ડો. રૂપલ શાહના હાથ નીચે નવ આસિ. ડોક્ટર્સ સેવા આપે છે. અમારી વેબસાઇટ્સ દ્વારા બીમારીઓ અને દવાઓ વિશે છ હજાર પાનાંની માહિતી અપાય છે. અમારા સેન્ટરમાં દરેક દર્દીને તપાસ્યા પછી, કેસ હિસ્ટરી જાણ્યા પછી જો તેની સારવાર અમારે માટે શક્ય ન હોય તો ના પાડી દઇએ છીએ. હોમિયોપથીમાં જો એ બીમારીનો ઉપચાર ન હોય તો એ બાબત પણ જણાવી દઇએ છીએ. જેથી એ દર્દી એકથી બીજા ડોક્ટર પાસે ભટકે નહીં. દર્દીની સારવાર શરૂ કરતા પહેલા તેને તેની બીમારી વિશે અને તેની સારવાર કેવી રીતે કરાશે, કઇ દવાઓનો ઉપયોગ કરાશે, એ દવાઓ કેવી અસર કરે છે તેની સ્પષ્ટ માહિતી મૌખિક રીતે અને ઓડિયો વિઝ્યુઅલ્સ દ્વારા અપાય છે. અહીં વિશ્વના અનેક દેશોમાંથી હોમિયોપથીના ડોક્ટર વિદ્યાર્થીઓ સ્પેશિયલાઇઝ્ડ ટ્રેનિંગ માટે આવે છે. અલબત્ત, કેટલાક એલોપથિક ડોક્ટર્સ પણ તેમની કે તેમના કુટુંબીજનની ક્રોનિક બીમારીઓ માટે ઉપચાર કરાવવા આવે છે.' આ દંપતી હોમિયોપથી ટાઇમ્સ નામના એક ત્રિમાસિક સામાયિકનું પ્રકાશન પણ કરે છે. જોકે હાલ આ પ્રકાશન સ્થગિત છે. કારણ કે તેની ઓનલાઇન આવૃત્તિ શરૂ કરવાની વિધિ ચાલી રહી છે.


ડો. રાજેશ શાહ અને ડો. રૂપલ શાહ.

# ડો. રાજેશ શાહ અને ડો. રૂપલ શાહ : પરિચય

ડો. રાજેશ શાહ અને રૂપલ શાહ મુંબઇમાં પ્રેક્ટિસ કરે છે. તેમણે વીસ વર્ષ સુધી હોમિયોપથીનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેઓ દેશવિદેશમાં જાણીતાં ફિઝિશિયનો અને શિક્ષકો છે. તેઓ પ્રેક્ટિશનરો અને શિક્ષકો માટે ઇંગ્લેંડ, હોલેન્ડ, બેલ્જિયમ, ઝેક રિપબ્લિક, ગ્રીસ, સ્વિડન, યુએસએ, આયર્લેન્ડ, ક્રોએશિયા, નોર્વે, જાપાન વગેરે દેશોમાં સેમિનારો અને વર્ક શોપ્સનું આયોજન કરે છે.

તેઓ બંને હોમિયોપથી ઇન્ડિયા પ્રા. લિ. અને હોમિયોપથી ઇન્ડિયા ફાઉન્ડેશનના ડાયરેક્ટર, હોમિયોપથી ટાઇમ્સના તંત્રી છે. ડો. રાજેશ શાહ 'માય એક્સપિરિયન્સ વિથ ફેરમ મેટલિકમ'ના લેખક છે. આ સંશોધન આધારિત પુસ્તક ૧૯૯૨માં પ્રગટ થયું હતું. ડો. શાહ દંપતીએ 'લાઇકન પ્લેનસ એન્ડ ઇટ્સ હોમિયોપથિક ટ્રીટમેંટ' નામનું પુસ્તક લખ્યું છે, (૨૦૦૩). ડો. રાજેશ શાહ મુંબઇ યુનિવર્સિટીના નેજા હેઠળ, સીએમપીએચ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં વિઝિટિંગ લેક્ચરર અને ફિઝિશિયન હતા. મુંબઇ, લંડન, ન્યુ યોર્ક વગેરેમાં ટેલિવિઝન પર તેમનો ઘણીવાર ઇન્ટરવ્યુ લેવાયો છે. તેમણે હોમિયોપથી પર ઘણા વૈજ્ઞાનિક પેપર લખ્યા છે, જે વિવિધ આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થયા છે. ડો. રાજેશ શાહ ૧૨૦થી અધિક દેશોના દરદીઓને સારવાર આપી રહ્યા છે, બદલ તેમને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે. તેઓ ઘણા સંશોધન પ્રોજેક્ટ્સમાં કાર્યશીલ છે.

**લાઇફ ફોર્સમાં થતી સંશોધન આધારિત સારવાર:**

- એલર્જી
- સર્વાઇકલ સ્પોન્ડીલાઇટિસ
- એસિડિટી
- ઇરિટેબલ બોવેલ સીન્ડ્રોમ
- કોઢ (લ્યુકોડર્મા)
- ટોન્સિલ
- વાઇરલ ઇન્ફેક્શન
- વારંવાર થતી શરદી-ખાંસી
- ચેલેઝીઓન
- ખરતા વાળ
- આધાશીશી (માઇગ્રેઇન)
- સાઇનસ
- શીળસ
- મસા
- દમ-અસ્થમા
- ડિસ્લેક્સિયા
- હિપેટાઇટિસ એ, બી, સી
- લાઇકન પ્લેનસ
- વા (રહ્યુમેટોઇડ આર્થ્રાઇટિસ)
- અલ્સરેટિવ કોલાઇટિસ
- બાળકોમાં દમ
- કેન્સરનો દુખાવો
- ખરજવું
- થાઇરોઇડની બીમારી
- સોરાયસિસ
- ટ્રાઇજેમીનલ ન્યુરેલ્જિયા
- નેફ્રોટિક સિન્ડ્રોમ

- જનરલ વેબસાઇટ:
e-homoeopathy.com
classicalhomoepathy.com
askdrshah.com

- બીમારીને લગતી વિવિધ વેબસાઇટ્સ
urticaria.com
leucoderma.com
nephroticsyndrome.com
hairfalling.com
e-psoriasis.com
trigeminalneuralgia.us
irritablebowelsyndrome.us
fissure-in-ano.com
eczematreatment.us
lichenplanus.com
asthmaticbronchitis.com
chalazion.com
e-hepatitis-c.com
savetonsils.com
ulcerativecolitis.us
underactivethyroid.com
prostatitis.com
migrainetreatment.us

### હોમિયોપથી અંગેની ગેરસમજો



- હોમિયોપથીમાં પણ સતત સંશોધનને કારણે ઘણું પરિવર્તન થયું છે. અત્યારે હોમિયોપથીમાં કેસ હિસ્ટરી માટે સતત પ્રશ્નો પૂછવા, માનસશાસ્ત્રીય અને સ્વપ્નો વિશેની માહિતી માગે એવું કંઇ જ નથી. માત્ર પરીક્ષણોના રિપોર્ટ્સ અને બીમારીઓ અંગેની લેટેસ્ટ સમજને આધારે દવા અપાય છે.
- હોમિયોપથીની દવા ચાલતી હોય ત્યારે એલોપથી કે આયુર્વેદિક દવા ન લેવાય એ ગેરસમજ છે.
- હોમિયોપથીની સારવાર દરમિયાન બીમારી વધી જાય, ઊથલો મારે એ ગેરસમજ છે.
- હોમિયેપથીની સારવાર દરમિયાન કાંદા ન ખવાય, કોફી ન પીવાય એ ગેરસમજ છે.
- હોમિયોપથી ધીમેધીમે અસર કરતી હોવાની વાત ગેરસમજ છે.

Life force
HOMOEOPATHY
Dr. Rajesh Shah Dr. Rupal Shah

### વર્લ્ડ ડોક્ટર્સ ડે (૧ જુલાઇ) નિમિત્તે ડો. શાહનો સંદેશ

હોમિયોપેથિક ડોક્ટરને તમારા પારિવારિક આરોગ્ય રક્ષક બનાવો. હોમિયોપથી એક સંપૂર્ણ મેડિકલ સિસ્ટમ છે. આ સારવાર પદ્ધતિ દર્દીઓએ અપનાવવી જોઇએ.ખાસ કરીને બીમારીના પ્રાથમિક તબક્કામાં અપનાવાય એ ઉચિત છે. આખરી તબક્કામાં બીમારી **'ના ઇલાજ'** થઇ જાય ત્યારે હોમિયોપથી તરફ દોડવાથી ઉપચાર મુશ્કેલ બને છે.

**લાઇફ ફોર્સ સેંટર**

૪૧૫, કુશાલ કમર્શિયલ કોમ્પ્લેક્સ, ૪ માળે, શોપર્સ સ્ટોપની ઉપર, જી. એમ. રોડ, ચેમ્બુર, મુંબઇ - ૪૦૦૦૮૯
ફોન : ૫૫૯૯૩૨૪૨, ૫૫૦૩૧૮૫૫, ૫૫૯૭૮૨૮૯/ ફેક્સ : ૫૫૯૭૮૨૯૦, સમય :સવારે ૯ થી સાંજે ૮.

Sponsered feature